જામીનગીરી અનામત (એસડી) અને
અર્નેસ્ટ મની ડીપોઝીટ(ઇએમડી) રૂપે બેન્ક
ગેરન્ટી સ્વીકારવા બાબત

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

જલસેવા ભવન, સે.૧૦-એ ગાંધીનગર

પરિપત્ર નં. એબી/સીમે-૧-૨/ફા.નં. ૩૫/૨૦૨૦-૨૧/૨૯૨

તા. ૦૮/૦૫/૨૦૨૦

| | |
|---|---|
| .E. (I) BARODA. | |
| ARD NO. ૪૮૯ | |
| TE: ૯/૫/૨૦ | |
| | PB |
| | ADM. |
| | ACCTT. |

પરિપત્ર:-

વંચાણે લીધા:-

ગુજરાત સરકારના નાણાંવિભાગના જીઆરનં.ઇએમડી/૧૦/૨૦૨૦/૩૮૭૮૦/ડીએમઓ તા.૨૦/૪/૨૦૨૦.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, બોર્ડ હસ્તક ચાલતા કામો માટે જામીનગીરી અનામત (એસડી) અને અર્નેસ્ટ મની ડીપોઝીટ(ઇએમડી) તરીકે ઉક્ત નાણા વિભાગ ના પરીપત્ર થી EMD/10/2019/50/DMO તા.૧-૧૧-૨૦૧૯ નો પરીપત્ર અન્વયે એનેક્ષર-૧ માં દર્શાવેલ બેન્કલીસ્ટ માં (Baroda Gujarat Gramin Bank સિવાય) તા.૩૦-૯-૨૦૨૦ સુધી કઈ કઈ બેંકની ગેરંટી સ્વીકારી શકાય, તેનો ગુજરાત સરકારના નાણાં વિભાગનો તા.૨૦/૪/૨૦૨૦ નો ઠરાવ આ સાથે સામેલ છે. જે વંચાણે લઇ તે મુજબની સુચનાઓનું પાલન કરવા જણાવવામાં આવે છે.

બિડાણ- ઠરાવની નકલ અને એનેક્ષર-૧

(એમ.પી.પુજારા)
નાણાં નિયંત્રક

પ્રતિ

- મુખ્ય ઈજનેરશ્રી ૧/૨/૩/૪/૫
  વડોદરા/અમદાવાદ/રાજકોટ/ભુજ/જુનાગઢ
- મુખ્ય ઇજનેરશ્રી મટીરીયલ સેલ સિવિલ/યાંત્રિક, બોર્ડ કચેરી, ગાંધીનગર
- મુખ્ય ઇજનેરશ્રી મોનીટરીંગ સેલ, બોર્ડ કચેરી, ગાંધીનગર
- નિયામક શ્રી, ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા,ગાંધીનગર.
- પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, એડીબી સેલ/અર્બન સેલ, ગાંધીનગર
- સિનિયર મેનેજરશ્રી (ના/હિ સર્વે)
- નાયબ મેનેજરશ્રી (ના/હિ સર્વે)
- સિસ્ટમ મેનેજરશ્રી કોમ્પ્યુટર સેલ બોર્ડ કચેરી, ગાંધીનગર.-બોર્ડની વેબસાઇટપર મુકવા સારૂ.

<u>નકલ રવાના</u>

- માન. અધ્યક્ષશ્રીના કાર્યકારી સચિવશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર.

Scanned with CamSc

**Acceptance of Bank Guarantee as Security Deposit and Earnest Money Deposit.**

## Government of Gujarat

**Finance Department**

GR. No.: EMD/10/2020/42/DMO

Date: 19/10/2020

Read: FD GR. No.: EMD/10/2019/50/DMO Dt. 01/11/2019
FD GR. No.: EMD/10/2020/38780/DMO Dt. 20/04/2020

Preamble:

Tendering authorities of the State Government and its Boards/Corporations/PSUs frequently take Bank Guarantee from the bidders towards Security Deposit and Earnest Money Deposit. The State Government had issued the list of eligible banks vide above mentioned resolutions of this department dated 01-11-2019 and 20-04-2020.

After careful consideration, the Government has decided to approve the list of Banks whose Bank Guarantees would be accepted for the purpose mentioned above. It has now been decided to resolve as follows:

**Resolution:**

Government Departments and State Government Boards/Corporations/PSUs would accept Bank Guarantee (towards Security Deposit and Earnest Money Deposit) issued by any of the banks included in the **Annexure I**, attached to this Resolution.

The tendering authority will be required to ascertain the authenticity of the Bank Guarantee and set up necessary internal control procedures.

By order and in the name of the Governor of Gujarat.

**(S. Chhakchhuak)**
Joint Secretary (B)
Finance Department

**Annexure I.**

**Finance Department, GR. No.: EMD/10/2020/42/DMO**

Date: 19/10/2020

(A) Guarantees issued by the following banks will be accepted as SD/EMD on permanent basis:

- All Nationalized Banks

(B) Guarantees issued by the following Banks will be accepted as SD/EMD for the period up to March 31, 2021. The validity cut-off date in the GR is with respect to the date of issue of Bank Guarantee irrespective of the date of termination of Bank Guarantee.

- The Mehsana Urban Co-operative bank Limited
- Ahmedabad Mercantile Co-Operative Bank Limited
- Nutan Nagrik Sahakari Bank Limited
- Kalupur Commercial Co-Operative Bank Limited
- RBL Bank
- Axis Bank
- ICICI Bank
- HDFC Bank
- Kotak Mahindra Bank
- IndusInd Bank
- Yes Bank
- The Gujarat State Co-Operative Bank
- Sarswat Bank

**All the eligible banks are instructed to collect the original documents/papers of guarantee from the concerned tendering authority.**

**(S. Chhakchhuak)**
Joint Secretary (B)
Finance Department

-------XXXXX-------

પર્ફોમન્સ બોન્ડ/સીકયોરીટી ડીપોઝીટ
૩(ત્રણ) ટકા કરવા બાબત.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંક:-પરચ/૧૦૨૦૨૦/૩૨૯/સી.
તા.૦૧/૦૬/૨૦૨૧

**વંચાણે લીધા:-**

(૧) માર્ગ અને મકાન વિભાગનાં ઠરાવ ક્રમાંક:- ટીએનસી /૧૦૮૮/આઇબી/૧૮/૧૩/સ. તા.૩૧/૦૮/૧૯૯૪

(૨) માર્ગ અને મકાન વિભાગનાં ઠરાવ ક્રમાંક:- પરચ/૧૦૨૦૨૦/૩૨૯/સી. તા.૩૦-૦૭-૨૦૨૦

(૩) મીનીસ્ટ્રી ઓફ ફાયનાન્સ, ડીપાર્ટમેન્ટ ઓફ એકસપેન્ડીચર, પ્રોકયોરમેન્ટ પોલીસી ડીવીઝન, ઓફિસ મેમોરેન્ડમ નં.એફ/૯/૪/૨૦૨૦/પીપીડી, તા.૧૭/૧૧/૨૦૨૦

**આમુખ:**

અનુસંધાનિત પરિપત્ર (૧) થી સિકયોરીટી ડીપોઝીટ માટે કરાર કરતી વખતે ૫ (પાંચ) ટકા પર્ફોમન્સ બોન્ડ બેન્ક ગેરંટી સ્વરૂપે, ૨.૫ ટકા સિકયોરીટી ડીપોઝીટ એન.એસ.એસ. અથવા નર્મદા બોન્ડ સ્વરૂપે તેમજ ૨.૫ ટકા રકમ ઇજારદારશ્રીના રનીંગ બીલમાંથી કાપવાનું ઠરાવવામાં આવેલ છે.

કોવિડ-૧૯ની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇને સરકારને મળેલ વિવિધ રજુઆતોને ધ્યાનમાં લઇ સરકારી કામ કરતાં ઇજારદારોની નાણાંકીય પ્રવાહીતતા વધે, તે માટે વંચાણે લીધેલ ક્રમાંક (૨)ના ઠરાવથી પ્રગતિ હેઠળના કામોમાં ૨.૫ ટકા સિકયોરીટી ડીપોઝીટ અને ૨.૫ ટકા પર્ફોમન્સ બોન્ડની રકમ જમા રાખી બાકીની સિકયોરીટી ડીપોઝીટ તથા પર્ફોમન્સ બોન્ડ કામની પ્રગતિના સપ્રમાણમાં છુટા કરવાનું ઠરાવેલ હતું. ભારત સરકારના નાણા મંત્રાલયના સંદર્ભ (૩)ના ઓફિસ મેમોરેન્ડમને ધ્યાને લઇ હાલની પ્રવર્તમાન કાર્યપધ્ધતિમાં ફેરફાર કરવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવે છે.

**ઠરાવ:**

(૧) હયાત તમામ કરારો માટે પર્ફોમન્સ બોન્ડ/સીકયોરીટી ડીપોઝીટની કુલ ૭.૫ ટકા રકમ પૈકી ૩ ટકા રકમ રાખી બાકીની રકમ ઇજારદારને તેમની પસંદગી પ્રમાણે પરત કરવાની રહેશે. સમગ્ર કરારના સમયગાળા દરમ્યાન આ પર્ફોમન્સ બોન્ડ/સીકયોરીટી ડીપોઝીટ ૩ ટકાથી વધારવાની રહેશે નહી. જો ખાસ કિસ્સામા પર્ફોમન્સ બોન્ડ/સીકયોરીટી ડીપોઝીટની રકમ ૩ ટકાથી વધારવાની થાય તે સ્થિતિમાં ટેન્ડર મંજુર કરનાર અધિકારીની કક્ષાથી એક કક્ષા ઉપરના અધિકારી અથવા સરકારના સચિવશ્રી પાસે વધારાની પર્ફોમન્સ બોન્ડ/સીકયોરીટી ડીપોઝીટની જરૂરીયાત માટે મંજુરી મેળવી લઇ શકાશે.

(૨) જે ઇજારદાર ધ્વારા આર્બીટ્રેશન કેસ/ કોર્ટ કેસ દાખલ કરેલ હશે/તે બાબતે વિભાગને નોટીસ આપેલ હશે, તે ઇજારદારને ઉપરોકત લાભ આપવાનો રહેશે નહી.

(૩) તા.૩૧/૧૨/૨૦૨૧ સુધીમાં માંગવાના થતાં ટેન્ડર્સ, માંગી લેવામાં આવેલ ટેન્ડર્સ અને આખરી કરવામાં આવેલ ટેન્ડર માટે પર્ફોમન્સ બોન્ડ/સીકયોરીટી ડીપોઝીટની રકમ ૩ ટકા રાખવાની રહેશે. આવા કિસ્સામાં ઇજારદારની પસંદગી પ્રમાણે ૩ ટકા પર્ફોમન્સ બોન્ડ/સીકયોરીટી ડીપોઝીટ જમા લેવાની રહેશે.

Scanned by CamScanner

(૪) અગાઉ તા.૩૦-૭-૨૦૨૦ના સમાનાંકી પત્રથી ઇજારદાર ધ્વારા ભરવામાં આવેલ સીકયોરીટી ડીપોઝીટ રકમનાં ૨.૫ ટકા તથા પર્ફોમન્સ બોન્ડના ૨.૫૦ ટકા રકમ જમા રાખ્યા બાદ બાકીની રકમ ઇજારદારને પરત કરવા સૂચના પરિપત્રીત કરેલ હતી. આ પ્રમાણે કુલ ૫ ટકા રકમ જમા રાખી બાકીની રકમ પરત કરેલ હોય તેવા કિસ્સામાં ઇજારદારની પસંદગી પ્રમાણે ૩ ટકા પર્ફોમન્સ બોન્ડ/સીકયુરીટી ડીપોઝીટ જમા રાખવાની રહેશે.

(૫) ઉપરોકત પધ્ધતિએ જે કામોના કરાર માટે પર્ફોમન્સ બોન્ડ/સીકયોરીટી ડીપોઝીટ ૩ ટકા કરેલ હોય તે સમગ્ર કરારની અવધિ દરમ્યાન માન્ય રહેશે. કરારની અવધિ તા.૩૧-૧૨-૨૦૨૧ બાદ માન્ય રહેતી હોય તો પણ ઉપરોકત પધ્ધતિએ પર્ફોમન્સ બોન્ડ/સીકયોરીટી ડીપોઝીટ ૩ ટકાથી વધારવાની રહેશે નહી.

(૬) ઇજારદાર ધ્વારા ૩ ટકા પર્ફોમન્સ બોન્ડ ડીપોઝીટ રાખવામાં આવે તે કિસ્સામાં પર્ફોમન્સ બોન્ડ સમયસર રીન્યુ કરવામાં આવશે તે પ્રમાણે ઇજારદારની બાંહેધરી મેળવી લેવાની રહેશે.

(૭) ઇજારદારના રનીંગ બીલમાંથી ૨.૫ ટકા રકમ સિકયોરીટી ડીપોઝીટ તરીકે કાપવાની જોગવાઇ યથાવત રાખવામાં આવે છે.

(૮) આ પરિપત્રથી ડી મેઇન્ટેનન્સ ગેરંટી/ડીફેકટ લાયેબીલીટી/ મેઇનટેનન્સ પીરીયડ માટે જમા રાખવા પાત્ર રકમમાં કોઇ ફેરફાર કરવાનો રહેશે નહી.

આ પરિપત્ર સમાનાંકી ફાઇલ પર નર્મદા અને જળ સંપતિ વિભાગ અને નાણા વિભાગની સંમતિ મેળવીને કરવામાં આવેલ છે.

(એ.એન.મિસ્ત્રી)
ખાસ ફરજપરના અધિકારી (વિ.ઓ.)
માર્ગ અને મકાન વિભાગ

**નકલ રવાના:-**

(૧) માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી તરફ જાણ સારૂ.
(૨) મા.નાયબ મુખ્ય મંત્રીશ્રી અને મંત્રીશ્રી (મા.મ.) વિભાગના અંગત સચિવશ્રીની જાણ સારૂ.
(૩) મા.મંત્રીશ્રી (ન.જ.અને પા.પુ. અન કલ્પસર વિભાગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૪) નર્મદા અને જળ સંપતિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૫) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૬) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ, અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૭) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગર
(૮) એકાઉન્ટન્ટ જનરલ, ઓડીટ-૧ ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ-૯
(૯) એકાઉન્ટન્ટ જનરલ, ઓડીટ-૨, રેસકોર્સ, રાજકોટ.
(૧૦) એકાઉન્ટન્ટ જનરલ (એ એન્ડ ઇ) રેસકોર્સ, રાજકોટ.
(૧૧) ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ, (એ એન્ડ ઇ) પાંચમો માળ ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ-૯
(૧૨) સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર. (અલગ પત્ર ધ્વારા)
(૧૩) સર્વે અ.ઇ.શ્રીઓ/મા.મ.વિ./પંચાયત મા.મ.વર્તુળ/રા.ધો.મા.મ.વર્તુળ/રા.મા.યોજના વર્તુળ/પા.યોજના વર્તુળ/એ.વે.વર્તુળ/ વિદ્યુત વર્તુળ સહિત.
(૧૪) સર્વે કા.ઇ.શ્રીઓ ઉપરોકત વર્તુળ હેઠળના સર્વે વિભાગ.
(૧૫) નિયામકશ્રી, ગેરી વડોદરા.
(૧૬) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુ.રા.મા.વિકાસ નિગમ લી. ગાંધીનગર.
(૧૭) મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત મેરીટાઇમ બોર્ડ સે.-૧૦, ગાંધીનગર
(૧૮) નિયામકશ્રી, ઉપવન બગીચા, ગાંધીનગર.
(૧૯) નાણાંકીય સલાહકારશ્રી, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨૦) સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ (ના.કા.ઇ.શ્રીઓ સહિત) મા.મ.વિ. સચિવાલય, ગાંધીનગર.
(૨૧) સર્વે પ્રોજેકટ શાખાઓ, મા.મ.વિ., સચિવાલય, ગાંધીનગર.
(૨૨) સીલેકટ ફાઇલ સી-શાખા. ૨૦૨૧

Scanned by CamScanner

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
જલસેવા ભવન, સે.૧૦-એ ગાંધીનગર
ફોન નં. ૨૩૨૫૧૦૪૮,૯૯૭૮૪૪૧૧૦૨ (ફેક્સ: ૨૩૨૨૫૯૭૯)

150 YEARS OF CELEBRATING THE MAHATMA

જા.નં.એબી/સીમે-૧-૨/કોવિડ-૧૯ ના.પ્ર./ફા.નં.૯૮/૨૦૨૦/ ૪૦૮ તા. ૨૩/૦૮/૨૦૨૧

**વિષય:** પર્ફોમન્સ બોન્ડ / સીક્યુરીટી ડિપોઝીટ 3% કરવા બાબત.

**સંદર્ભ:** ૧. માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૨૦/૩૨૯/સી, તા.૦૧/૦૬/૨૦૨૧
૨. તા.૦૮/૦૬/૨૦૨૧ના રોજ યોજાયેલ બોર્ડ બેઠકના ઠરાવ નં.બીએમ/૨૮૫/૫
૩. અત્રેના પરિપત્ર નં.એબી/સીમે-૧-૨/કોવિડ-૧૯ના.પ્ર./ફા.૯૮/૨૦૨૦/૧૬૭,તા.૨૧/૦૬/૨૧
૪. તા.૩૧/૦૭/૨૦૨૧ના રોજ યોજાયેલ બોર્ડ બેઠકના ઠરાવ નં.બીએમ/૨૮૭/3

**પ્રસ્તાવના:-**

કોવિડ-૧૯ની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇ માર્ગ અને મકાન વિભાગના સંદર્ભ-(૧) પ્રમાણેના ઠરાવથી પર્ફોમન્સ બોન્ડ/સિક્યોરીટી ડિપોઝીટ 3% કરવા બાબતે સૂચનાઓ આપવામાં આવેલ છે. જેને આનુષંગિક બોર્ડનાં સંદર્ભ-(૨)ની બેઠકમાં મંજુરી મુજબ સંદર્ભ-(૩)થી પરિપત્રિત કરવામાં આવેલ છે.

ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડના ટેન્ડરોમાં બોર્ડ દ્વારા અમલી ટેન્ડર ક્લોઝ મુજબ પર્ફોમન્સ બોન્ડ/સિક્યોરીટી ડિપોઝીટ ૧૦%ની પૂરેપૂરી કંમ્પોઝીટ બેંક ગેરંટી સ્વીકારની જોગવાઈ છે. બોર્ડમાં કામગીરી કરતા ઇજારદારોની નાણાંકિય પ્રવાહીતા જળવાઇ રહે અને પરિણામે કામગીરીની પ્રગતિ જળવાઇ રહે તે બાબત ધ્યાને લેતા, સંદર્ભ-(૪) પ્રમાણેના ઠરાવથી મળેલ મંજૂરીને આધિન સંદર્ભ-(૩)ના પરિપત્રમાં શરત નં.૯ નીચે મુજબ ઉમેરવામાં આવે છે.

**પરિપત્ર:-**

૯. સંદર્ભ-(૩)ના પરિપત્ર મુજબ અથવા કંમ્પોઝીટ બેંક ગેરંટી સ્વરૂપે ૫.૫૦% પર્ફોમન્સ બોન્ડ/સીક્યોરીટી ડિપોઝીટની રકમ સ્વીકારી શકાશે તથા આ પેટે બિલમાંથી કપાત કરેલ રકમ પરત કરી શકાશે.

સંદર્ભ-(૩) પ્રમાણેના પરિપત્રની અન્ય શરતો યથાવત રહે છે. વધુમાં જણાવવાનું કે, આ કારણોસર ડીફેક્ટ લાયેબીલીટી પીરીયડ અન્વયે રાખવાપાત્ર ડીપોઝીટમાં કોઈ ફેરફાર થશે નહિ, ઉપરાંત ઉપર મુજબની કંમ્પોઝીટ બેંક ગેરંટી સમયસર રીન્યુ થાય તે માટે સબંધિત કચેરીએ ચુસ્ત તકેદારી લેવાની રહેશે.

(ફાઈલ પર માન. સભ્ય સચિવશ્રીની મંજુરીથી.)

(એમ. પી. પુજારા)
નાણાં નિયંત્રક

**નકલ સાદર રવાના પ્રતિઃ-**

- માન. સચિવશ્રી,(પા.પુ.),નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, બ્લોક નં.૭/૯મો માળ, સચિવાલય, ગાંધીનગર
- માન. અધ્યક્ષશ્રીના કાર્યકારી સચિવશ્રી, ગુજરાત પા. પુ. અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર
- માન. સભ્ય સચિવશ્રી, ગુજરાત પા. પુ. અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર

**નકલ જાણ તથા અમલ અર્થે રવાનાઃ-**

- મુખ્ય ઇજનેરશ્રી (સર્વે), બોર્ડ કચેરી, ગાંધીનગર
- મુખ્ય ઇજનેરશ્રી અને પ્રોજેકટ ડાયરેકટરશ્રી, અર્બન સેલ, બોર્ડ કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.જે.ટી.આઇ, ગાંધીનગર
- મુખ્ય ઈજનેરશ્રી, ઝોન ૧/૨/૩/૪/૫/૬
- અધિક્ષક ઈજનેરશ્રી (સર્વે)
- કાર્યપાલક ઇજનેરશ્રી (સર્વે)
- કાર્યપાલક ઇજનેરશ્રી, જા.આ.યાંત્રિક સ્ટોર વિભાગ, ગાંધીનગર

**નકલ રવાનાઃ-**

- સીનીયર મેનેજરશ્રી (ના/હિ) (સર્વે)
- સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર શાખા, બોર્ડની વેબસાઇટ પર મૂકવા સારૂ
- નાયબ મેનેજરશ્રી (ના/હિ) (સર્વે)

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

જલસેવા ભવન, સે.૧૦-એ ગાંધીનગર.
ફોન નં. ૨૩૨૫૧૦૪૮,૯૯૭૮૪૪૧૧૦૨ (ફેક્સ: ૨૩૨૨૫૯૭૯)

આર.એચ.દવે
નાણાં નિયંત્રક

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

જાનં. એબી/સીમે. ૧-૨/GST- Governmental Authority/૨૦૧૭-૧૮/F.N.-૮૯/૨૦૧૭/5335 તા.૨૭/૧૧/૨૦૧૭

વિષય :- <u>ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા મેળવવામાં આવતી Pure Service અન્વયે ચુકવણી કરવામાં GST ચુકવવાપાત્ર ના હોવા બાબત</u>

વંચાણે લીધુઃ-
(૧) કમીશ્નર ઓફ સ્ટેટ ટેક્ષ કચેરીના અંગ્રેજી પત્ર ક્રમાંકઃ (ST/ACST/GST/GWSSB REPLY/2017-18/B/141, તા.૧૮/૧૧/૧૭
(૨) રાજ્ય સરકારના નાણાં વિભાગના નોટીફીકેશન નં. ૧૨/૨૦૧૭ State Tax (Rate) તા. ૩૦/૦૬/૨૦૧૭
(3) રાજ્ય સરકારના નાણાં વિભાગના નોટીફીકેશન નં. ૩૨/૨૦૧૭ State Tax (Rate) તા. ૧૩/૧૦/૨૦૧૭
(૪) ભારત સરકારના નાણા મંત્રાલયના નોટીફીકેશન નં. ૧૨/૨૦૧૭ Central Tax (Rate), તા. ૨૮/૦૬/૨૦૧૭

<u>પરિપત્ર</u>

કમીશ્નર ઓફ સ્ટેટ ટેક્ષ, ગુજરાત રાજ્યનો વંચાણે લીધેલ ક્રમાંક (૧) પ્રમાણેનો પત્ર આ સાથે Annexure- A મુજબ સામેલ છે. આ પત્રની વિગતે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ વંચાણે લીધેલ ક્રમાંક (૨) અને ક્રમાંક (3) પ્રમાણેના નોટીફીકેશન મુજબ "Governmental Authority" ની વ્યાખ્યામાં આવતુ હોઇ, તેને ક્રમાંક (૨) પ્રમાણેના નોટીફીકેશનમાં આપેલ ટેબલના ક્રમાંક (3) મુજબ Exemption ના લાભ મળવાપાત્ર છે. આ Exemption ની વિગત નીચે મુજબ છે.

| Sr No. | Chapter, Section Heading, Group or Service Code (Tariff) | Description of Services | Rate (per cent.) | Condition |
|---|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) | (5) |
| 3. | Chapter 99 | Pure Services (excluding works contract service or other composite supply involving supply of any goods) provided to the Central Government, State Government or Union territory or local authority or a Governmental authority by way of any activity in relation to any function entrusted to a Panchayat under article 243G of the Constitution or in relation to any function entrusted to a Municipality under article 243W of the Constitution. | Nil | Nil |

ઉપરોક્ત જોગવાઈ મુજબ બંધારણના અનુચ્છેદ 243-G મુજબ પંચાયતને સુપ્રત કરવામાં આવેલ હોય તેવી અથવા તો 243-W મુજબ નગરપાલિકાને સુપ્રત કરવામાં આવેલ હોય તેવી કોઈ પણ કામગીરી અન્વયે ગવર્નમેન્ટલ ઓથોરીટીને પૂરી પાડવામાં આવેલ Pure Service (*વર્કસ કોન્ટ્રાક્ટ સર્વિસ અને માલનો સમાવેશ થતો હોય તેવા* **Composite Supplies** *સિવાયની સર્વિસ*) પર GST (SGST) નો દર NIL (શૂન્ય) રહેશે. આ જ મુજબની જોગવાઇ વંચાણે લીધેલ ક્રમાંક (૩) પ્રમાણેના રાજ્ય સરકારના અન્ય નોટીફીકેશનથી GST (SGST) માટે અને ક્રમાંક (૪) પ્રમાણેના ભારત સરકારના નોટીફીકેશનથી CGST માટે કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨), (૩) અને (૪) પ્રમાણેના નોટીફીકેશન્સની સંબંધિત જોગવાઇની નકલ **"Annexure- B"**, **"Annexure- C"** અને **"Annexure- D"** મુજબ સામેલ છે.

ઉપરોક્ત જોગવાઈઓની GWSSBની કામગીરી સંદર્ભે ચકાસણી કરતાં નીચેની બાબતો સ્પષ્ટ થાય છે.

(૧) ગુ.પા.પુ અને ગ.વ્ય.બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવતી પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા અંગેની કામગીરી એ બંધારણના અનુચ્છેદ 243-W સાથે સંલગ્ન અનુસૂચી-૧૨ (Twelth Schedule) ના અનું નં. (૫) અને (૬) મુજબની કામગીરી છે. બોર્ડની રચના આ કામગીરી કરવા માટે થયેલ છે.

(૨) The Gujarat Water Supply & Sewerage Board Act. 1978ની Section-14 Duties & Function of the Board, બોર્ડની ફરજો અને કાર્યો દર્શાવે છે. આ Section-14 ની નકલ આ સાથે **"Annexure- E"** તરીકે સામેલ છે.

(3) બોર્ડ દ્વારા મેળવવામાં આવતી Services બોર્ડને સોપવામાં આવેલ કામગીરી (Duties and Functions of Board) ને પૂર્ણ કરવા મેળવવામાં આવે છે. આથી, આવી સેવાઓ (Services) પૈકી Pure Service તરીકે પૂરી પાડવામાં આવતી સેવાઓ પર ઉકત બંને નોટીફીકેશન્સ મુજબ GST (SGST & CGST) નો દર શૂન્ય ગણવાનો રહે છે.

(૪) બોર્ડ દ્વારા સામાન્ય રીતે મેળવવામાં આવતી સેવાઓ પૈકી Pure Services તરીકે ગણી શકાય તેવી સેવાઓની નમૂનારૂપ યાદી નીચે મુજબ છે.

I. PMC, CSC અને ટર્નકિ પ્રોજેક્ટના TPI તરીકેની સેવાઓ.
II. પ્રી-ઓડીટ, ઇન્ટરનલ ઓડીટ, સ્ટેચ્યુટરી ઓડીટ, પ્રોજેક્ટ અને બોર્ડના ટેક્ષ ઓડીટ અંગેની સેવાઓ.
III. કાનૂની નિષ્ણાત/ ધારાશાસ્ત્રીની સેવાઓ
IV. સીકયોરીટી અને મેનપાવર (આઉટસોર્સીંગ દ્વારા) અંગેની સેવાઓ.
V. સર્વેની કામગીરી માટે મેળવવામાં આવતી સેવાઓ.
VI. જલસેવા ભવન દ્વારા મેળવેલ આર્કીટેક્ટની સેવાઓ.

VII. ઇન્સ્પેક્શન સર્વીસીસ.

VIII. વોટર ટેસ્ટીંગ અંગેની સર્વિસ

આમ ઉપર મુજબની સેવાઓ બોર્ડ દ્વારા મેળવવામાં આવે ત્યારે ઉપરોકત નોટીફીકેશન્સમાં પ્રસિધ્ધ થયા મુજબ GSTનો લાગુ પડતો દર NIL (શૂન્ય) હોઇ આવી સર્વિસ અન્વયે GST સિવાયની રકમનું જ બીલ લેવું અને તે મુજબની રકમની જ ચૂકવણી કરવી. ઉપર જણાવેલ સેવાઓની યાદી ઉદાહરણ રૂપે દર્શાવેલ છે, જે આખરી નથી. પ્રત્યેક કચેરીની કામગીરી મુજબ આ યાદીમાં વધારો-ઘટાડો થઇ શકે છે. દરેક કચેરીએ પોતાના ધ્વારા મેળવવામાં આવતી સેવાઓનું આ પરીપત્ર મુજબ મૂલ્યાંકન કરી કાર્યવાહી કરવાની રહેશે. આ બાબતે કોઇ પણ જાતના માર્ગદર્શનની જરૂર જણાયેથી વડિ કચેરીનો સંપર્ક કરવાનો રહેશે. Pure Service તરીકે ગણી શકાય તેવી સેવાઓ પૂરી પાડનાર વ્યક્તિ/ એજન્સીને આ બાબતની જાણ કરી તેઓને આવી સેવાઓ અન્વયે GST સિવાયનું બીલ આપવા જણાવવું.

(૫) વંચાણે લીધેલ પત્રના અંતભાગમાં જણાયા મુજબ As, when and if mandated by the GST Council, GWSSB shall become Liable to deduct TDS as per Section- 51 of the SGST Act. આથી, TDS અંગેની જોગવાઈઓ જયારે અમલમાં આવશે ત્યારે તે મુજબ GWSSB દ્વારા GST નો TDS કાપવાની કાર્યવાહી કરવાની રહેશે. હાલ સરકારશ્રી દ્વારા તા. ૩૧/૦૩/૨૦૧૮ સુધી TDS of GST ની જોગવાઈઓ મોકૂફ રાખવામાં આવેલ છે.

આ પરિપત્રની સૂચનાઓ તાત્કાલિક અસરથી અમલમાં આવશે.

બિડાણઃ- Annexure –A થી Annexure –E

(આર.એચ.દવે)
નાણાં નિયંત્રક

<u>નકલ સવિનય રવાના પ્રતિ,</u>

- અંગત સચિવશ્રી, માન. અધ્યક્ષશ્રીનું કાર્યાલય ગાંધીનગર તરફ જાણ સારૂ.
- અંગત સચિવશ્રી, માન. સભ્ય સચિવશ્રીનું કાર્યાલય ગાંધીનગર તરફ જાણ સારૂ.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, જી.ડબલ્યુ.આઇ.એલ ગાંધીનગર તરફ જાણ સારૂ.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વાસ્મો ગાંધીનગર તરફ જાણ સારૂ.
- અધિક કમિશ્નરશ્રી, કમિશ્નર ઓફ સ્ટેટ ટેક્ષની કચેરી, આશ્રમ રોડ અમદાવાદ તરફ જાણ સારૂ.

<u>નકલ રવાના પ્રતિ,</u>

- મુખ્ય ઇજનેરશ્રી, વડી કચેરી તથા ઝોન-૧,૨,૩,૪ અને ૫ તરફ જાણ સારૂ.
- નિયામકશ્રી, ગુજરાત જલ સેવા તાલીમ સંસ્થા, ગાંધીનગર તરફ જાણ સારૂ.
- મુખ્ય ઇજનેરશ્રી મોની. અને પ્લાનીંગ/ટેક.સેલ/મટીરીયલ સેલ/યાંત્રીક વિભાગ ગાંધીનગર તરફ જાણ સારૂ.
- પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, અર્બનસેલ, ગાંધીનગર તરફ જાણ સારૂ.
- મુખ્ય વહીવટી અધિકારી, બોર્ડ કચેરી ગાંધીનગર તરફ જાણ સારૂ.
- અધિક્ષક ઇજનેરશ્રી/કાર્યપાલક ઇજનેરશ્રી, (સર્વે) તરફ જાણ સારૂ.
- સીનીયર મેનેજર (ના/હિ), (સર્વે) તરફ જાણ સારૂ.
- સીસ્ટમ મેનજરશ્રી, કોમ્પ્યુટર સેલ, બોર્ડ કચેરી ગાંધીનગર તરફ જાણ સારૂ

- કાર્યપાલક ઇજનેરશ્રી, જાહેર આરોગ્ય યાંત્રિક સ્ટોર વિભાગ, ગાંધીનગર તરફ જાણ સારૂં.
- કાર્યપાલક ઇજનેરશ્રી, સ્ટોર વિભાગ (મહેકમ-૪), બોર્ડ કચેરી ગાંધીનગર તરફ જાણ સારૂં.
- નાયબ મેનેજર (ના/હિ), (સર્વે) તરફ જાણ સારૂં.
- નાયબ મેનેજર (વ) લીગલ શાખા/ મકમ શાખા ૧-૨/મકમ શાખા-૩/મકમ શાખા-૪/ તપાસ શાખા/ બોર્ડ સેલ, ગાંધીનગર તરફ જાણ સારૂં.
- આંતરિક ઓડીટરશ્રી/ પ્રી-ઓડીટરશ્રી, (તમામ) તરફ જાણ સારૂં.

Annexure-A

NO.CST/ACST/GST/GWS&SB REPLY/2017-18/B.141 18/11/17

Office of the Commissioner of state taxes
C-5, Rajya Kar Bhavan, Ashram Road,
Ahmedabad- 380009
Date: 18. 11. 2017

To

Member Secretary,
Gujarat Water Supply & Sewerage Board
Gandhinagar.

Subject : Status of Gujarat Water Supply & Sewerage Board as a "Governmental Authority" under the GST Act.

Reference: Letter dated 18/9/2017 no: AB/SM -1-2/GST ACT/20/718/F.N.89

Sir,

In reference to point C on page 8 of your above mentioned letter,
Following needs to be noted.

1) As per the amended entry 3 exemption notification no 12/2017- State Tax (Rate), 30/06/2017, vide notification no 32/2017 State Tax (Rate) 13/10/2017 pure services provided to Governmental Authority in relation to any function entrusted to a panchayat under article 243 (G) of the constitution or in relation to any function entrusted to a municipality under article 243 (W) of the constitution is exempt.

As per explanation 9zf) ato the amended notification no.12 vide notification 32 "Governmental Authority" means an authority or a board or any other body, -

(i) set up by an Act of Parliament or a State Legislature; or

(ii). established by any Government, with 90per cent. or more participation by way of equity or control, to carry out any function entrusted to a Municipality under article 243 W of the Constitution or to a Panchayat under article 243 G of the Constitution.

GWSSB is established by the Gujarat Water Supply & Sewerage Board Act 1978 of State Legislature, thus to the extent it is carrying out functions entrusted to a municipality under article 243 (W) and to a panchayat under article 243G (entry 5 & 6 of the twelfth schedule to the constitution) it shall be entitled to enjoy exemption as per entry 3 of exemption notification no 12/2017- State Tax (rate), 30/06/2017.

2) As, when and if mandated by the GST Council, GWSSB shall become liable to deduct TDS as per section 51 of the SGST Act.

Additional Commissioner of State taxes
(Establishment/Vigilance)
Gujarat State, Ahmedabad

Annexure - B

NOTIFICATION
FINANCE DEPARTMENT.
Sachivalaya, Gandhinagar.
Notification No. 12/2017-State Tax(Rate)
Dated the 30th June, 2017.

Gujarat Goods and Services Tax Act, 2017

No.(GHN-41)GST-2017/S.11(1)(7)-TH:- In exercise of the powers conferred by sub-section (1) of section 11 of the Gujarat Goods and Services Tax Act, 2017 (Guj.25 of 2017), the Government of Gujarat, on being satisfied that it is necessary in the public interest so to do, on the recommendations of the Council, hereby exempts the intra-State supply of services of description as specified in column (3) of the Table below from so much of the State tax leviable thereon under sub-section (1) of section 9 of the said Act, as is in excess of the said tax calculated at the rate as specified in the corresponding entry in column (4) of the said Table, unless specified otherwise, subject to the relevant conditions as specified in the corresponding entry in column (5) of the said Table, namely:-

**Table**

| Sr. No. | Chapter, Section, Heading, Group or Service Code (Tariff) | Description of Services | Rate (per cent.) | Condition |
|---|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) | (5) |
| 1 | Chapter 99 | Services by an entity registered under section 12AA of the Income-tax Act, 1961 (43 of 1961) by way of charitable activities. | Nil | Nil |
| 2 | Chapter 99 | Services by way of transfer of a going concern, as a whole or an independent part thereof. | Nil | Nil |
| 3 | Chapter 99 | Pure services (excluding works contract service or other composite supplies involving supply of any goods) provided to the Central Government, State Government or Union territory or local authority or a Governmental authority by way of any activity in relation to any function entrusted to a Panchayat under article 243G of the Constitution or in relation to any function entrusted to a Municipality under article 243W of the Constitution. | Nil | Nil |
| 4 | Chapter 99 | Services by Central Government, State | Nil | Nil |

Annexure - C

NOTIFICATION
FINANCE DEPARTMENT.
Sachivalaya, Gandhinagar.
Notification No. 32/2017-State Tax(Rate)
Dated the 13th October, 2017.

Gujarat Goods and Services Tax Act, 2017.

No.(GHN-109)GST-2017/S.11(1)(18)-TH:- In exercise of the powers conferred by sub-section (1) of section 11 of the Gujarat Goods and Services Tax Act, 2017 (Guj.25 of 2017), the Government of Gujarat, on being satisfied that it is necessary in the public interest so to do, on the recommendations of the Council, , hereby makes the following further amendments in the Government Notification, Finance Department No.(GHN-41)GST-2017/S.11(1)(7)-TH, Dated the 30th June, 2017, Notification No.12/2017- State Tax (Rate), namely:-

(i) in the Table, -

(a) in serial number 5, in column (3), for the words "governmental authority" the words "Central Government, State Government, Union territory, local authority or Governmental Authority" shall be substituted;

(b) after serial number 9B and the entries relating thereto, the following serial number and entries shall be inserted, namely: -

| (1) | (2) | (3) | (4) | (5) |
|---|---|---|---|---|
| "9C | Chapter 99 | Supply of service by a Government Entity to Central Government, State Government, Union territory, Local authority or any person specified by Central Government, State Government, Union territory or local authority against consideration received from Central Government, State Government, Union territory or Local authority, in the form of grants. | Nil | Nil"; |

(c) after serial number 21 and the entries relating thereto, the following serial number and entries shall be inserted namely: -

| (1) | (2) | (3) | (4) | (5) |
|---|---|---|---|---|
| "21A | Heading 9965 or Heading 9967 | Services provided by a goods transport agency to an unregistered person, including an unregistered casual taxable person, other than the following recipients, namely: -<br>(a) any factory registered under or governed by the Factories Act, 1948(63 of 1948); or<br>(b) any Society registered under the Societies Registration Act, 1860 (21 of 1860) or under any other law for the time being in force in any part of India; or<br>(c) any Co-operative Society established by or under any law for the time being in force; or<br>(d) any body corporate established, by or under any law for the time being in force; or<br>(e) any partnership firm whether registered or not under any law including association of persons;<br>(f) any casual taxable person registered under the Central Goods and Services Tax Act or the Integrated Goods and Services Tax Act or the State Goods and Services Tax Act or the Union Territory Goods and Services Tax Act. | Nil | Nil";<br>; |

(d) after serial number 23 and the entries relating thereto, the following serial number and entries shall be inserted namely: -

| (1) | (2) | (3) | (4) | (5) |
|---|---|---|---|---|
| "23A | Heading 9967 | Service by way of access to a road or a bridge on payment of annuity. | Nil | Nil"<br>; |

(e) in serial number 41, for the entry in column (3), the following entry shall be substituted, namely: -

"Upfront amount (called as premium, salami, cost, price, development charges or by any other name) payable in respect of

service by way of granting of long term lease of thirty years, or more of industrial plots or plots for development of infrastructure for financial business, provided by the State Government Industrial Development Corporations or Undertakings or by any other entity having 50 per cent. or more ownership of Central Government, State Government, Union territory to the industrial units or the developers in any industrial or financial business area.";

(ii) in paragraph 2, for clause (zf),the following clauses shall be substituted, namely: -

"(zf) "Governmental Authority" means an authority or a board or any other body, -

(i) set up by an Act of Parliament or a State Legislature; or

(ii) established by any Government,

with 90per cent. or more participation by way of equity or control, to carry out any function entrusted to a Municipality under article 243 W of the Constitution or to a Panchayat under article 243 G of the Constitution.

(zfa) "Government Entity" means an authority or a board or any other body including a society, trust, corporation,

(i) set up by an Act of Parliament or State Legislature; or

(ii) established by any Government,

with 90per cent. or more participation by way of equity or control, to carry out a function entrusted by the Central Government, State Government, Union Territory or a local authority.".

By order and in the name of the Governor of Gujarat,

C J Mecwan
Joint Secretary to Government.

Annexure- D

[TO BE PUBLISHED IN THE GAZZETE OF INDIA, EXTRAORDINARY, PART II, SECTION 3, SUB-SECTION (i)]

Government of India
Ministry of Finance
(Department of Revenue)

**Notification No. 12/2017- Central Tax (Rate)**

New Delhi, the 28th June, 2017

G.S.R......(E).- In exercise of the powers conferred by sub-section (1) of section 11 of the Central Goods and Services Tax Act, 2017 (12 of 2017), the Central Government, on being satisfied that it is necessary in the public interest so to do, on the recommendations of the Council, hereby exempts the intra-State supply of services of description as specified in column (3) of the Table below from so much of the central tax leviable thereon under sub-section (1) of section 9 of the said Act, as is in excess of the said tax calculated at the rate as specified in the corresponding entry in column (4) of the said Table, unless specified otherwise, subject to the relevant conditions as specified in the corresponding entry in column (5) of the said Table, namely:-

**Table**

| Sl. No. | Chapter, Section, Heading, Group or Service Code (Tariff) | Description of Services | Rate (per cent.) | Condition |
|---|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) | (5) |
| 1 | Chapter 99 | Services by an entity registered under section 12AA of the Income-tax Act, 1961 (43 of 1961) by way of charitable activities. | Nil | Nil |
| 2 | Chapter 99 | Services by way of transfer of a going concern, as a whole or an independent part thereof. | Nil | Nil |
| 3 | Chapter 99 | Pure services (excluding works contract service or other composite supplies involving supply of any goods) provided to the Central Government, State Government or Union territory or local authority or a Governmental authority by way of any activity in relation to any function entrusted to a Panchayat under article 243G of the Constitution or in | Nil | Nil |

# Annexure: E

## ❖ Section-14 Duties & Function of the Board Details:

a. To prepare, execute, promote and finance the schemes for supply of water and for sewerage and sewerage disposal.

b. To render all necessary services in regard to water supply and sewerage to the state government and local bodies and on request to private institutions or individual also.

c. To prepare draft state plans for water supply, sewerage and drainage on the directions of the state government.

d. To review and advise on the tariff, taxes, fees, and charges of water supply and sewerage systems, in the areas comprised within the sphere of operation of water supply and sewerage services of the Board and in the areas of the local bodies which have entered into an agreement with the Board;

e. To assess the requirement of the materials and arrange for their procurement and utilization;

f. To establish state standards for water supply and sewerage services

g. To review annually the technical, financial, economic and other aspects of water supply and sewerage system of every scheme of the board of the local bodies which have entered into an agreement with the board.

h. To establish and maintain a facility to review and appraise the technical, financial, economic and other pertinent aspects of every water supply and sewerage scheme in the state.

i. To operate, run and maintain any water works and sewerage system, if and when directed by the state government, on such terms and conditions and for such period as may be specified by the state government.

j. To assess requirement for man-power and training in relation to water supply and sewerage services in the state.

k. To carry out applied research for efficient discharge of the Duties and Functions of the board.

l. To perform such of the duties and functions, which are being performed by the Gujarat Public Health Engineering Service, as may be specified, from time to time, by the State Government.

m. To perform and discharge such other duties and functions as are allotted to the board under the provisions of this Act or as may be entrusted to it by the State Government.

Annexure-1

Name of Project.......

## INTEGRITY PACT

### OUR COMITMENT

We commit ourselves to trust, transparency and setting ethical standards in implementation of various works for ultimate long term benefits for society. We also reiterate our commitment to development to mutual respect and best practices for setting very high quality standards in works and attitude.

### OUR CONDUCT

**We abide to accomplish our work with**

- Integrity and trust
- Ethics and courtesy
- Transparency and quality.

| GWSSB Commitment | Party's Commitment |
|---|---|
| • To maintain high ethical standards<br>• To ensure transparency in transactions<br>• To ensure to abide by the terms of agreement of contract and to consider the views of parties objectively.<br>• To try to ensure timely payments for work done.<br>• To ensure that no improper demand is made by employees or by anyone on their behalf.<br>• To provide maximum possible help to all contractors/ vendors/suppliers and any other party working with us so that the contracted assignment is completed in time.<br><br>Executive Engineer,<br>GWSSB, District - ......... | • Not to bring pressure/recommendation from outside to influence decision.<br>• To abide by general discipline to be maintained in our dealings.<br>• To be prompt and reasonable in fulfilling the terms of agreement of contract and legal obligations.<br>• To ensure high standards are set for quality of work or supplies at lowest possible cost.<br>• Not to use any pressure, threat, intimidation or inducement of any kind of any of the employees.<br>• To be true and honest in furnishing specification and Information and make all efforts for completing the contracted assignment well in time.<br><br>Signature of Contractor |
| **Building ethical Partnership and working Together** | |



મુખ્ય ઇજનેર
ઝોન-૨, ગુ.પા.પુ.વ્યા.બોર્ડ
અમદાવાદ.

Scanned by CamScanner

આર.એચ.દવે
નાણાં નિયંત્રક


# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ


(ગુજરાત સરકારનું સાહસ)
"જલસેવા ભવન" સેકટર નં.૧૦/એ, એરફોર્સ કચેરીની સામે, ગાંધીનગર-૩૮૨ ૦૧૦

Ph. No. 079-23251048 PABX : 23222547
FAX No. 079-232 25979

Email :- fcgwssb@gmail.com, website :gwssb.gujarat.gov.in


નં. એબી/સીમે-૧-૨/૨૦૧૭-૧૮/ફા.નં.૯૦/૨૩૮ તા.૧૮/૯/૧૭

પ્રતિ,

(૧) મુખ્ય ઇજનેરશ્રી,
ઝોન-૧ વડોદરા/ઝોન-૨ અમદાવાદ
ઝોન-૩ રાજકોટ/ઝોન-૪ કચ્છ–ભુજ/ઝોન-૫ જુનાગઢ

(૨) પ્રોજેકટ ડાયરેકટરશ્રી, અર્બનસેલ, વડી કચેરી, ગાંધીનગર.

(૩) નિયામકશ્રી, જીજેટીઆઇ, સે.૧૫, ગાંધીનગર.

(૪) કાર્યપાલક ઇજનેરશ્રી, જા.આ.યાં.સ્ટોર વિભાગ, ગાંધીનગર.

વિષય :- **સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના ઠરાવ અન્વયે ટેન્ડર ફોર્મ બી-૧, કલોઝ-૪૮ અને ફોર્મ-બી-૨, કલોઝ-૪૭ માં GST અન્વયે જરૂરી સુધારો બહાર પાડવા બાબત.**

સંદર્ભ :- ૧) માર્ગ અને મકાન વિભાગ ગાંધીનગરના પરીપત્ર નં. ટીએનસી-૧૦-૨૦૧૭-૦૧-સી, તા.૨૯.૮.૨૦૧૭
૨) માર્ગ અને મકાન વિભાગ ગાંધીનગરના પરીપત્ર નં. એસએઆર-૧૦-૨૦૧૭-૫૦-સી, તા.૨૯.૮.૨૦૧૭

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, તા. ૦૧/૦૭/૨૦૧૭ થી અમલી બનેલ Goods & Services Tax (GST) અન્વયે સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ દ્વારા સંદર્ભ (૧) અને (૨) પ્રમાણેના પરિપત્ર કરવામાં આવેલ છે. સંદર્ભ (૧) ના પરિપત્ર દ્વારા ટેન્ડર માટેનાં ફોર્મ બી-૧ કલોઝ-૪૮ અને ફોર્મ બી-૨ કલોઝ ૪૭ની જોગવાઇઓમાં સુધારો કરવામાં આવેલ છે જયારે સંદર્ભ (૨) ના પરિપત્રથી ફોર્મ બી-૧ ની કલોઝ ૭૮ અને ફોર્મ બી-૨ ની કલોઝ ૭૭ રદ કરવામાં આવેલ છે. પાણી પુરવઠા બોર્ડના ટેન્ડરોમાં પણ આ પરીપત્ર મુજબ કાર્યવાહિ કરવા જણાવવામાં આવે છે. સંદર્ભ (૧) અને (૨) પ્રમાણેનાં પરિપત્રની નકલ આ સાથે સામેલ છે.

(નોંધ પરની માન. અધ્યક્ષશ્રીની મુજબ)

<u>બિડાણ :</u> ઉપર મુજબ

(આર.એચ.દવે)
નાણાં નિયંત્રક

<u>નકલ સવિનય રવાના</u>

- માન. અધ્યક્ષશ્રીના કાર્યકારી સચિવશ્રી, વડી કચેરી, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, વડી કચેરી, ગાંધીનગર.

<u>નકલ રવાના</u>

- મુખ્ય ઇજનેરશ્રી ટેકનીકલ/(મોની/પ્લાં)/મટીરીયલ/યાંત્રિક/ વડી કચેરી, ગાંધીનગર.
- મુખ્ય વહીવટી અધિકારીશ્રી, વડી કચેરી, ગાંધીનગર.
- અધિક્ષક ઇજનેરશ્રી, ટેકનીકલ/મોની-પ્લાં/મટીરીયલ/વડી કચેરી, ગાંધીનગર.
- અધિક્ષક ઇજનેરશ્રી, તકેદારી એકમ, વડી કચેરી, ગાંધીનગર.
- સીનીયર મેનેજરશ્રી (ના/હિ) ૧-૨/૩-૪-૫ વડી કચેરી, ગાંધીનગર.

Scanned by CamScanner

**જી.એસ.ટી. બીલ મુજબ ટેક્ષ ભરપાઇ કરવાની અમલવારી બાબત**

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
ક્રમાંક: TNC-10-2017-01-C
તા.૨૯/૦૮/૨૦૧૭

## પરિપત્ર

હાલમાં રાષ્ટ્રીય કક્ષાએ જી.એસ.ટી. બીલને મંજુરી મળેલ છે. ટેન્ડર પ્રક્રિયાથી થતા કામો ઉપર વિવિધ પ્રકારના વેરા (ટેક્ષ) લાગુ પડતા હોય છે. જી.એસ.ટી. બીલ મુજબ ટેક્ષ ભરપાઇ કરવાની અમલવારી થવાથી ટેન્ડર પ્રક્રિયાના વિવિધ નાણાંકીય પાસાઓના ઢાંચા ઉપર તેમજ તેને આનુષાંગિક પ્રક્રિયા ઉપર થતી અસરને ધ્યાનમાં લઇ ટેન્ડર માટેના ફોર્મ બી-૧ કલોઝ-૪૮ અને ફોર્મ બી-૨ કલોઝ-૪૭ માં દર્શાવેલ ટેક્ષ બાબતે કેન્દ્ર સરકાર તરફથી મંજુર થયેલ જી.એસ.ટી. બીલના કારણે નીચે મુજબના ફેરફાર કરવાના થાય છે.

| EXISTING CLAUSE | AMENDMENT |
|---|---|
| **Form B-1 Clause 48**<br>**Form B-2 Clause 47 :**<br>The rates to be quoted by the Contractor must be inclusive of sales tax. No extra payment on this account will be made to the contractor. | **Form B-1 Clause 48**<br>**Form B-2 Clause 47:**<br>The rates to be quoted by the Contractor must be inclusive of all taxes prevailing on due date of bid submission.<br>However any subsequent changes in the tax structure by Government after due date of bid submission will be compensated (±) on availability or submission of actual documentation. Contractor has to intimate Engineer in charge regarding changes occurred in the tax structure after bid submission. If contractor fails to provide such information and if any financial obligation may arise due to change in tax structure, same will be recovered from the contractor.<br>The contractor shall apply fair means of stock maintenance and shall adopt accounting standards as may be prescribed under GST. For arriving at the difference in procurement prices due to introduction of GST, it will be open for the Government to ask for original invoices, LR, weigh bridge slips, payment details and such other documents as may be required for the purpose.<br>If there is reduction in overall tax burden then proportional benefit of that shall be passed on to the Government. |

આ પરિપત્ર અત્રેની વિભાગની ફાઇલ નં. ટીએનસી-૧૦-૨૦૧૭-૦૧-સી ઉપર નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, નાણાં વિભાગ અને કાયદા વિભાગની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ઉપરોકત તમામ સુચનાનો અમલ ચુસ્તપણે તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

(એન.જી.પરમાર)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો. )
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર



Scanned by CamScanner

પ્રતિ,

૧. અંગત સચિવશ્રી, સચિવશ્રીનું કાર્યાલય, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૨. અંગત સચિવશ્રી, સચિવશ્રીનું કાર્યાલય, નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૩. અંગત સચિવશ્રી, અગ્રસચિવશ્રીનું કાર્યાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૪. અંગત સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૫. અંગત સચિવશ્રી, અગ્રસચિવશ્રીનું કાર્યાલય, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૬. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
૭. સર્વે મુખ્ય ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૮. સર્વે મુખ્ય ઇજનેરશ્રીઓ, નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૯. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ, નિર્માણભવન, ગાંધીનગર
૧૦. મુખ્ય ઇજનેરશ્રી અને ડાયરેકટરશ્રી, સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર
૧૧. ડાયરેકટરશ્રી, ગુજરાત એન્જીનીયરીંગ રીસર્ચ ઇન્સ્ટીટયુટ (ગેરી), વડોદરા
૧૨. ઉપસચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, તકેદારી ભવન, ગાંધીનગર
૧૩. નાણાં સલાહકારશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૪. સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય, પંચાયત, ને.હા., પાટનગર યોજના વર્તુળ, વિદ્યુત વર્તુળ સહીત)
૧૫. સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ (ઉકત વર્તુળ હેઠળના)
૧૬. સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૭. સર્વે તાંત્રિક શાખાઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૮. પ્રમુખશ્રી, ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશન, ગજ્જરા હોલ, લો ગાર્ડન, લો કોલેજ રોડ, અમદાવાદ
૧૯. શાખા સીલેકટ ફાઇલ-૨૦૧૭



Scanned by CamScanner

ચ/૩

**વેટને સ્થાને જી.એસ.ટી.ના અમલવારી તથા પર્સન્ટેજ રેટ (બી-૧) ટેન્ડર ફોર્મના માપદંડોમાં સુધારો થતા બી-૧ અને બી-૨ ફોર્મના કલોઝમાં સુધારા બાબત**

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
ક્રમાંકઃ SSR-10-2017-50-C
તા.૨૯/૦૮/૨૦૧૭

## પરિપત્ર

હાલમાં રાષ્ટ્રીય કક્ષાએ જી.એસ.ટી. બીલને મંજુરી મળેલ છે અને તેની અમલવારી તા.૦૧/૦૭/૨૦૧૭થી કરવામાં આવેલ હોઇ ટેન્ડર પ્રક્રિયાના વિવિધ નાણાંકીય પાસાઓના ઢાંચા ઉપર તેમજ તેને આનુષાંગિક પ્રક્રિયા ઉપર થતી અસરને ધ્યાનમાં લઇ ટેન્ડર માટેના ફોર્મ બી-૧ અને ફોર્મ બી-૨ ના કલોઝમાં જરૂરી સુધારા કરવા જરૂરી છે.

વધુમાં પરિપત્ર ક્રમાંકઃTNC-1088-D-347-(7)-C તા.૧૧/૦૭/૨૦૧૭થી રસ્તાના કામો માટે રૂા.૧૨ કરોડ તથા મકાન અને પુલોના કામો માટે રૂા.૧૦ કરોડ સુધીના કામો માટેના ટેન્ડરો પર્સન્ટેજ રેટ (બી-૧) ફોર્મમાં માગવા બાબતનો જરૂરી સુધારો કરવામાં આવેલ હોવાથી ટેન્ડર માટેના ફોર્મ બી-૧ ના કલોઝમાં જરૂરી સુધારા કરવા જરૂરી છે.

ઉપરોકત બંને બાબતોને ધ્યાને લેતા ટેન્ડર માટેના ફોર્મ બી-૧ અને બી-૨ના કલોઝમાં નીચે મુજબના ફેરફાર કરવાના થાય છે.

| EXISTING CLAUSE | AMENDMENT |
|---|---|
| <u>ફોર્મ બી-૧ કલોઝ-૭૮</u><br><u>ફોર્મ બી-૨ કલોઝ-૭૭</u><br>ચૂકવવાના બીલમાંથી જે તે સમયે લાગુ પડતો વેટ, ગુજરાત વેટ અધિનિયમ-૨૦૦૩ મુજબની જોગવાઇ મુજબ ચૂકવણાના સ્થાનેથી કાપવાપાત્ર હશે તો તે કાપવામાં આવશે. હાલની જોગવાઇ મુજબ એક કરોડથી વધારે કિંમતના કરારોના કામોમાં એડવાન્સ વેટ (TDS) કાપવાની જોગવાઇ અમલમાં છે. આ બાબત એટ સોર્સ કાપવાને લગતી હોઇ આ અંગેના કાયદામાં વખતોવખત જે ફેરફારો થશે તે મુજબ ટેકસ કપાત કરવામાં આવશે. ઇજારદારે ભાવો ટેકસ સહિત ભરવાના હોઇ આ ટેકસ કપાત મજરે મળવાપાત્ર નથી. (નાણાં વિભાગના તા.૧/૪/૨૦૦૮ના જાહેર નામા ક્રમાંકઃ (જી.એચ.એન.-૧૪) વેટ-૨૦૦૮-એસ-૫૯-બી (૩) (૧) થ | <u>ફોર્મ બી-૧ કલોઝ-૭૮</u><br><u>ફોર્મ બી-૨ કલોઝ-૭૭</u><br>૨૬ |



Scanned by CamScanner

| EXISTING CLAUSE | AMENDMENT |
|---|---|
| ફોર્મ બી-૧ કલોઝ-૨૪<br>Deleted | ફોર્મ બી-૧ કલોઝ-૨૪<br>રૂપિયા એક કરોડથી વધુ રકમના વાઇડનીંગ અને સ્ટ્રેન્થીંગના કામોમાં દરેક સ્તરનું કોમ્પેકશન વ્યવસ્થિત રીતે થાય તે માટે નીચેની કાર્યવાહી અનુસરવાની રહેશે.<br>૨૪.૧ રસ્તાની કરવાની પહોળાઇમાં ધારાધોરણ મુજબ કોમ્પેકશન થાય તે માટે બેબી રોલર ફરજીયાત રીતે લાવી કોમ્પેકશન કરવાનું રહેશે.<br>૨૪.૨ આવા કામોમાં દરેક સ્તરનું કોમ્પેકશન ધારાધોરણ મુજબ થયું છે, તેની દરેક લેયરે ફરજીયાતપણે ડેન્સીટોમીટરથી ગ્રીડ પ્રમાણે થયાની ચકાસણી ઇજારદારે કરી તેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. આવી ચકાસણી સંબંધિત નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી અને મદદનીશ/અધિક મદદનીશ ઇજનેરશ્રીએ પણ કરવાની રહેશે. ઇજારદારે કરેલ કામની ડેન્સીટી પૂરેપૂરી મળ્યા બાદ જ કિલયરન્સ અપાય અને ત્યારબાદ જ બીજા લેયરની કામગીરી હાથ ધરાય તે જોવાનું રહેશે. ઇજારદારશ્રીને તેમણે કરેલ કામગીરી અંગે જયારે પણ બીલની ચૂકવણી કરવાની થાય ત્યારે ઉપરોકત સૂચવેલ પધ્ધતિ પ્રમાણે તે કામ કરવામાં આવેલ છે કે કેમ? તેની ખરાઇ સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રી પાસે કરાવ્યા બાદ જ બીલનું ચૂકવણું કરવામાં આવશે.<br>(મા.મ.વિ. પરિપત્ર નં. એસ.એસ.આર.-૧૦-૨૦૦૮-૧૮-સી, તા.૧૩/૧૦/૨૦૦૮) |

ઉપરોકત તમામ સુધારાનો અમલ ચુસ્તપણે તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

(એન.જી.પરમાર)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો. )
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

Scanned by CamScanner

ઢ૪

પ્રતિ,

૧. અંગત સચિવશ્રી, સચિવશ્રીનું કાર્યાલય, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૨. અંગત સચિવશ્રી, સચિવશ્રીનું કાર્યાલય, નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૩. અંગત સચિવશ્રી, અગ્રસચિવશ્રીનું કાર્યાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૪. અંગત સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૫. અંગત સચિવશ્રી, અગ્રસચિવશ્રીનું કાર્યાલય, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૬. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
૭. સર્વે મુખ્ય ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૮. સર્વે મુખ્ય ઇજનેરશ્રીઓ, નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૯. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ, નિર્માણભવન, ગાંધીનગર
૧૦. મુખ્ય ઇજનેરશ્રી અને ડાયરેકટરશ્રી, સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર
૧૧. ડાયરેકટરશ્રી, ગુજરાત એન્જીનીયરીંગ રીસર્ચ ઇન્સ્ટીટયુટ (ગેરી), વડોદરા
૧૨. ઉપસચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, તકેદારી ભવન, ગાંધીનગર
૧૩. નાણાં સલાહકારશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૪. સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ (રાજય, પંચાયત, ને.હા., પાટનગર યોજના વર્તુળ, વિદ્યુત વર્તુળ સહીત)
૧૫. સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ (ઉકત વર્તુળ હેઠળના)
૧૬. સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૭. સર્વે તાંત્રિક શાખાઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૮. પ્રમુખશ્રી, ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશન, ગજ્જરા હોલ, લો ગાર્ડન, લો કોલેજ રોડ, અમદાવાદ
૧૯. શાખા સીલેકટ ફાઇલ-૨૦૧૭

Scanned by CamScanner

(૫)

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

તકેદારી એકમ, જલસેવા ભવન એરફોર્સ સ્ટેશન સામે,
સેકટર-૧૦ /એ, ગાંધીનગર ☎: ०७૯- २३२५१३६० Fax: २३२- २५८७८
Email: vigilancecell@gmail.com

જા.નં. તકેદારી એકમ/ઇન્સ્પેકશન નોંધ/૧૮૯
તારીખઃ- ૧૯/03/२०१२

પરિપત્ર

ઇજારદાર મારફતે થતી કામગીરીના ટેન્ડરમાં જે જે બાબતો માટે ઇન્સ્યોરન્સ લેવાની જોગવાઇ કરાયેલ હોય તેના માટે નીચે જણાવ્યા મુજબની જોગવાઇઓ સ્પષ્ટ રુપે કરારખતમાં રાખવાની સૂચના ગુજરાત તકેદારી આયોગ દ્વારા આપવામાં આવેલ છે.

